અનુસૂચિત જાતિ/જનજાતિ પ્રમાણપત્ર માટેનું [illegible]
નિયત કરવા અંગે.

---

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૨૪-૫-૧૯૮૮**

**વંચાણે લીધા :–**

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જ સેલ ૫૦૨૩- સી. તા. ૨૪-૧૨-૭૧.
(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : પવટ-૩૪૭૬/૬૫૪૧-જ-૧ સેલ
તા. ૧-૧૧-૭૬.
(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૨/૫૯/ખ
તા. ૪-૬-૧૯૮૨.
(૪) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક : બી સી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ બી સી ડી-૧,
તા. ૬-૮-૮૪.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસી ડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ.
તા, ૨૭-૧૦-૮૭.

**ઠરાવ :—**

૧. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક : બી સી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ બી સી ડી-૧, તા. ૬-૮-૮૪ની સૂચનાઓ અનુલક્ષીને રાજ્યના અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેના દાખલા કાઢી આપવાની સત્તા સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૭-૧૦-૮૭ના ઠરાવ ક્રમાંક : એસસી ડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ. માં દર્શાવેલ સક્ષમ અધિકારીઓને આપવામાં આવેલ છે અને તે મુજબ તેનો અમલ કરવામાં આવે છે. આ હુકમો અમલમાં આવ્યા તે પહેલાં આ વિભાગના વખતો વખત સુધારેલ તા. ૨૪-૧૨-૭૧ના ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જ સેલ ૫૦૨૩-સી. ના પરિશિષ્ટ-૭માં દર્શાવેલ અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્રો કાઢી આપવામાં આવતા હતા.

૨. તા. ૨૭-૧૦-૮૭ના હુકમો દ્વારા જે અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. તેઓની સંખ્યા મર્યાદિત હોઈ અનુસુચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્રો કઢાવવામાં ઘણી મુશ્કેલી પડે છે. અને સમયનો પણ ઘણો વ્યય થાય છે તે મુજબની રજૂઆત કેટલાક ધારાસભ્યો, સંબંધકર્તા અધિકારીઓ તેમજ સમાજના આગેવાન નાગરિકો તરફથી સરકારને મળી છે. તેઓની રજૂઆત પ્રમાણે તા. ૨૭-૧૦-૮૭ પહેલાં જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવાની જે વ્યવસ્થા હતી તે ચાલુ રહેવી જોઈએ. જેથી અનુસુચિત જાતિ/અનુસૂચિત જનજાતિને જરૂરી જાતિ પ્રમાણપત્રો મેળવવામાં કોઈ પ્રકારની મુશ્કેલી પડે નહીં.

૩. સરકારશ્રીએ આ રજૂઆત પર કાળજી ભરી વિચારણા કરી છે અને એવી સ્પષ્ટતા કરતા ઠરાવે છે કે તા. ૨૭-૧૦-૮૭ના ઠરાવમાં દર્શાવેલ યાદી મુજબ જે અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવામાં આવેલ છે તે પ્રમાણપત્રો ભારત સરકારની અથવા તો અખિલ ભારત સ્તરની નોકરીઓ કે એવા અન્ય હેતુ માટે પ્રસ્તુત જાતિના ઉમેદવારો દ્વારા જે તે સંસ્થાને રજૂ કરવાના હેતુથી ઉપયોગમાં લઈ શકાશે જ્યારે ગુજરાત રાજ્યની નોકરીઓના હેતુ માટે કે અન્ય તમામ હેતુઓ માટે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો આપવાની બાબતમાં તા. ૨૭-૧૦-૮૭ પહેલાંની જે વ્યવસ્થા હતી તે અમલમાં રહેશે એટલે કે વખતો વખતના સુધારેલા શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૪-૧૨-૭૧ના ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જ સેલ ૫૦૨૩-સી. ના પરિશિષ્ટ-૭માં જેનો ઉલ્લેખ કરેલો છે તે તમામ અધિકારીઓ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિના પ્રમાણપત્રો કાઢી આપવા માટે સત્તા ધરાવતા સક્ષમ અધિકારીઓ ગણાશે અને તેમના દ્વારા આપવામાં આવેલ જાતિ અંગેના દાખલા ગુજરાત રાજ્યની નોકરીઓના હેતુ માટે માન્ય ગણવામાં આવશે. આવા અધિકારીઓની યાદી સરળતા ખાતર આ સાથે જોડેલા પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ની. ના. મહેતા)**
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી
રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અનદાવાદ.
સચિવ, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ.
સચિવ, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સચિવાલયના સર્વ વિભાગો.
સર્લ જિલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે ખાતા અને કચેરીના વડાઓ.
સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
સીલેક્ટ ફાઈલ.

## પરિશિષ્ટ

## અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :—

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશનર/કલેક્ટર/વધારાના નાયબ કમિશનર/નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટ/સીટી મેજિસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) તાલુકા મેજિસ્ટ્રેટ/કાર્યપાલક મેજિસ્ટ્રેટ.

૨. મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ/પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ.

૩. સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

૪. મામલતદારથી નીચેની કક્ષાના નહિ એવા મહેસૂલી અધિકારીઓ.

૫. ઉમેદવાર અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૬. વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોષ ટાપુઓ.

૭. જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ/તાલુકા વિકાસ અધિકારીઓ.

૮. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ, વર્ગ-૧.